# Virtual Meeting between EAM and Foreign Affairs Minister of Morocco

October 22, 2020

## વિદેશ મંત્રી અને મોરોક્કોનાં વિદેશ મંત્રી વચ્ચે વર્ચ્યુઅલ બેઠક

ઓક્ટોબર 22, 2020

1. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે 22 ઓક્ટોબર 2020 નાં રોજ મોરોક્કો કિંગ્ડમનાં વિદેશી બાબતો, આફ્રિકન સહકાર અને મોરોક્કન એક્સપેટ્રિએટ્સ મંત્રી મહામહિમ શ્રી નાસર બાઉરિતા સાથે વર્ચ્યુઅલ બેઠક કરી હતી.

2. બન્ને પક્ષો સંમત થયા હતા કે ઓક્ટોબર 2015 માં ત્રીજા ભારત-આફ્રિકા મંચ શિખર સંમેલન માટે મોરોક્કોનાં રાજા મહામહિમ મોહમ્મદ VI ની સીમાચિહ્નરૂપ મુલાકાત બાદ દ્વિપક્ષીય સંબંધોએ નોંધપાત્ર ગહનતા અને જીવંતતા ધારણ કરી છે. ત્યારપછી થયેલી 23 મંત્રીઓની મુલાકાતોનું આદાન-પ્રદાન અને આઈટી, શિક્ષણ, સંસ્કૃતિ, કૃષિ, પારસ્પરિક કાનૂની સહાયતા, પ્રત્યાર્પણ વગેરે જેવા ક્ષેત્રોની શ્રેણીમાં સમાપન કરવામાં આવેલા 40 કરતા વધારે એમઓયુ અને સમજૂતિઓ દ્વિપક્ષીય જોડાણોને ઉંચાઇ પર લઇ જવાની બન્ને પક્ષોની પ્રબળ મનોકામનાનાં સાક્ષી છે. વિદેશ મંત્રીએ આર્થિક પ્રગતિ અને સમૃદ્ધિનાં માર્ગ પર મોરોક્કોને આગળ લઇ જવામાં મહામહિમ રાજાની વિઝનરી આગેવાનીની ભારત વતી પ્રશંસા પાઠવી હતી.

3. વ્યાપાર અને રોકાણ સંબંધોમાં વૃદ્ધિની સકારાત્મક આકારણી કરતા, મંત્રીઓએ ખાસ કરીને ફર્ટિલાઇઝરો, કાપડ, ફાર્માસ્યુટિકલ્સ, ઓટોમોબાઇલ્સ અને આઇસીટી ક્ષેત્રોમાં નજીકનાં સહકારની નોંધ લીધી હતી. તેઓ વધુમાં સંમત થયા હતા કે સાયબર સુરક્ષા, કાઉન્ટર ટેરરિઝમ અને અવકાશનાં ક્ષેત્રોમાં છેલ્લા બે વર્ષોમાં થયેલા એમઓયુ/ સમજૂતિઓ મજબૂત અને વ્યાપક સંબંધનો પાયો નાંખવાનાં મજબૂત ફ્રેમવર્ક પ્રદાન કરે છે. મંત્રીઓ સંમત થયા હતા કે બન્ને પક્ષોએ સંરક્ષણ સહકારમાં અને સાંસ્કૃતિક આદાન-પ્રદાન કાર્યક્રમ પરનાં એમઓયુને અંતિમ રૂપ આપવામાં ઝડપ કરવી જોઇએ જેથી તેઓ પર વહેલી તારીખે હસ્તાક્ષર કરી શકાય.

4. તેઓએ કોવિડ-19 મહામારીનાં પડકારોનો સામનો કરવા તેઓનાં સંબંધિત રાષ્ટ્રિય અભિગમોની ચર્ચા કરી હતી. વિદેશ મંત્રીએ મહામારીનાં અનુસંધાનમાં આંતરરાષ્ટ્રિય ઉડાનો રદ કરવાનાં કારણે મોરોક્કોમાં ફસાયેલા ભારતીય નાગરિકોને વતન પરત લાવવામાં મોરોક્કોની સરકારની સહાયતા બદલ શ્રી બાઉરિતાનો આભાર માન્યો હતો. શ્રી બોઉરિતાએ આવા વિકટ સમયમાં દવાઓની કોમર્શિયલ નિકાસની સુવિધા કરી આપવા બદલ ભારત સરકારની પ્રશંસા કરી હતી.

5. બન્ને મંત્રીઓએ સંયુક્ત રાષ્ટ્ર સુધારણાઓ, આતંકવાદ સામેની આંતરરાષ્ટ્રિય લડાઇ, આબોહવાનો ફેરફાર, રીન્યૂએબલ એનર્જી અને ઇન્ડિયા આફ્રિકા ફોરમ સમિટ (IAFS) યંત્રણા હેઠળ સહકાર સહિત પ્રાંતિય અને વૈશ્વિક મુદ્દાઓ પર ઉંડાણપૂર્વક દ્રષ્ટિકોણોની આપ-લે કરી હતી.

6. તાજેતરમાં બાઉઝનિતામાં આંતર-લિબીયન સંવાદ સહિત લિબીયામાં વિકસતી ઘટનાઓ પર શ્રી બાઉરિતાનાં સંક્ષિપ્ત અહેવાલનાં પ્રતિભાવમાં, વિદેશ મંત્રીએ લિબીયાનાં સંકલ્પ અને કટોકટીની શરૂઆતથી જ તમામ લિબીયન પક્ષો સાથેનાં રચનાત્મક જોડાણ, અને દેશની સ્વાયત્તતા, એકતા અને ક્ષેત્રિય અખંડિતતાનું રક્ષણ કરવા સાથે લિબીયાનાં લોકોની કાયદેસરની મહત્વકાંક્ષાઓને વિચારણામાં લઈને લિબીયાની આગેવાનીવાળી અને લિબીયાની સત્તામાં રાજકીય પ્રક્રિયા મારફત શાંતિપૂર્ણ નિરાકરણ શોધવાનાં ધ્યેય સાથેનાં સંયુક્ત રાષ્ટ્રોનાં પ્રયાસોમાં તેનાં યોગદાનની પ્રશંસા કરી હતી.

7. શ્રી બાઉરિતાએ 2021-2022 અવધી માટે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની બિન-કાયમી બેઠકમાં ભારત ચૂંટાઈ આવવા પર અભિનંદન પાઠવ્યા હતા અને વિસ્તૃત સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતનાં કાયમી સભ્યપદ માટે મોરોક્કોની સરકારનાં સમર્થનને પણ પાઠવ્યું હતું. બન્ને પક્ષોએ સંયુક્ત રાષ્ટ્ર સહિત વિવિધ આંતરરાષ્ટ્રિય સંસ્થાઓમાં બન્ને દેશો વચ્ચે પ્રવર્તમાન નજીકનાં સંકલન પર સંતોષ વ્યક્ત કર્યો હતો.

8. વિદેશ મંત્રીએ સહારા મુદ્દા પર વાસ્તવિક, દીર્ઘકાલીન, પરસ્પરની વાટાઘાટોથી અને સ્વિકાર્ય રાજકીય નિરાકરણ હાંસલ કરવાનાં ધ્યેય સાથેનાં સંયુક્ત રાષ્ટ્રનાં મહા સચિવનાં પ્રયાસોમાં ભારતનું સમર્થન વ્યક્ત કર્યું હતું અને આ દિશામાં મોરોક્કો કિંગ્ડમનાં પ્રયાસોની નોંધ લીધી હતી.

9. વિદેશ મંત્રીએ પરિસ્થિતિ સાનુકૂળ બને ત્યારે શ્રી બાઉરિતાને ભારતની મુલાકાત લેવાનાં આમંત્રણનું પુનઃઉચ્ચારણ કર્યું હતું જેને મોરોક્કોનાં વિદેશ મંત્રીએ સહર્ષ સ્વિકાર્યું હતું.

**નવી દિલ્હી**
**ઓક્ટોબર 22, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.